## હૃદયને ગાતા ગીતો

### હાય રે તેરે ચંચલ નૈનવા



તેરે ચંચલ નૈનવા
કુછ બાત કરેં રુક જાયે, હાય રે તેરે ચંચલ નૈનવા (2)
ખૂલ કે યે બાતેં કમ કરેં ચૂપકે હી ચૂપકે સિતમ કરેં (2)
બસ ડોલેં ના કુછ બોલેં, પલકોં સે મુસ્કાયેં
હાય રે તેરે ચંચલ નૈનવા
કુછ બાત કરેં રુક જાયેં, હાય રે તેરે ચંચલ નૈનવા
ઉલઝે હમ સે હર બાર દિલ
કુછ ઐસા હૈ બેકરાર દિલ (2)
કુછ તુમ ભી તો સમજાઓ, હમ કયા-કયા સમજાયે
હાય રે તેરે ચંચલ નૈનવા
કુછ બાત કરેં રુક જાયેં, હાય રે તેરે ચંચલ નૈનવા
હમ તો ચાહત મેં જલ ગયે, તુમ વાદા કરકે બદલ ગયે (2)
હમ કૈસે જી તુમ જૈસે, અંજાને બન જાયે
હાય રે તેરે ચંચલ નૈનવા
કુછ બાત કરેં રુક જાયેં, હાય રે તેરે ચંચલ નૈનવા
હાય રે તેરે ચંચલ નૈનવા
કુછ બાત કરેં રુક જાયેં, હાય રે તેરે ચંચલ નૈનવા

**ગીત :** મજરુહ સુલતાનપુરી, **સ્વર :** લતા મંગશેકર **સંગીત :** ચિત્ર ગુપ્ત **ફિલ્મ:** ઊંચે લોગ **દિગ્દર્શક:** ફણી મજમુદાર **વર્ષ :** 1965 **કલાકાર:** અશોકકુમાર, રાજકુમાર, ફિરોઝ ખાન, કનૈયાલાલ, કુમુદ ત્રિપાઠી, દેવેન વર્મા, તરુણ બોઝ, કે. આર. વિજયા, નંદા



**દિગ્દર્શક:** ફણી મજમુદાર

બાલાચંદર સાઉથની ફિલ્મોમાં દિગ્દર્શક તરીકે જાણીતા રહ્યા છે. તેમણે 'મેજર ચન્દ્રકાંત' નાટક લખેલું. એ નાટક પરથી બનેલી ફિલ્મ તે 'ઊંચે લોગ'. આ નાટક પરથી ગુજરાતી નાટક પણ બનેલું અને તેમાં ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી મુખ્ય અભિનેતા હતા. ઊંચે લોગ' ફિલ્મથી ફિરોઝખાનની એક ઓળખ બની. આ બધું તો ખરું પણ ફિલ્મના ચારેય ગીત એકદમ લોકપ્રિય બનેલા. ગીતો લખેલા મજરુહ સુલતાનપુરીએ અને સંગીત હતું. ચિત્ર ગુપ્તનું. 'જાગ દિલ-એ-દીવાના, રુત જાગી વસલે યાર કી,' 'જા રે મેરે પ્યાર કે રાહી..' 'કૈસી તુને રીત રચાઈ ભગવાન.' અને 'તેરે ચંચલ નૈનવા!

'તેરે ચંચલ નૈનવા 'આંખની ભાષા વિશે વાત કરે છે. પણ પુરુષની આંખ વિશે અને તે પણ પ્રિયતમની આંખ વિશે વાત કરે છે. સામાન્યપણે સ્ત્રીની આંખ અને પ્રેમમાં હોય ત્યારે વધારે ચંચળ, કાંઇક ગંભીર, કાંઇક અજાણ ડરથી ભરેલી બની જતી સ્ત્રીની આંખ વિશે ગીતકારોને લખવું વધુ ફાવે પણ અહીં લતાજીના સ્વરમાં ગવાયેલું ગીત છે. એટલી તો મધુરતાથી ગવાયું છે કે તેમાં પ્રિયતમ માટેનો પ્રેમ આપોઆપ વ્યક્ત થાય છે. ચંચળ નૈન આમ તો લાગણીની અસ્થિરતા સૂચક હોય શકે પણ અહીં એવું નથી.અહીં તો 'તેરે ચંચલ નૈનવા' કહી પ્રેમની અભિવ્યક્તિ સરળ હોય એવી અપેક્ષાના ભંગનો ગુસ્સો છે. પ્રિયતમને ચાહતી હોય તો પ્રિયતમ રાહ જોતો હોય ! શરૂઆત 'તેરે ચંચલ નૈનવા' ગાય છે ને એજ પ્રિયતમાની મુંઝવણ છે કારણ કે 'કુછ બાત કરેં રુક જાયે, હાય રે તેરે ચંચલ નૈનવા.' ચંચલ નૈન એટલા જ માટે છે કે તે કાંઇખ વાત પણ કરે છે ને કરતાં કરતાં અટકી પણ જાય છે. આવી આંખને ચંચળ જ કહેવી પડે અને અહીં તો 'હાય રે' પણ ઉમેરે છે. પ્રેમની શરૂઆતમાં જરા ઉતાવળ હોય, પ્રિયતમાને અપેક્ષા હોય કે પ્રિયતમની આંખો બધું જ કહી દે પણ આ તો કાંઇક વાત કરે ને વળી અટકી જાય. હાય રે!

સાપોલિયાની જેમ પાણી સરકતું હોય એમ લતાજીએ ગાયું છે અને તેમાં આછો ગુસ્સો બહુ રોમેન્ટિક રીતે વ્યક્ત થાય છે, 'ખૂલ કે યે બાતેં કમ કરેં. ચૂપકે હી ચૂપકે સિતમ કરે

બસ ડોલેં. ના કુછ બોલે, પલકોં સે મુસ્કાયે હાય રે તેરે ચંચલ નૈનવા.. ચંચલ નૈન જ કહેવું પડે તેમ છે કારણ કે તે ખૂલીને તો બહુ ઓછું કહે છે. આ તે કાંઇ યોગ્ય કહેવાય? બસ ડોલે, ફકત ડોલે., કાંઇજ ના બોલે ને બદમાશ એવો છે કે પાંપણથી મુસ્કાય છે. આતો સિતમ જ કહેવાયને! જે કહેવાનું? જે કહેવાનું છે તે કહેવું નથી ચૂપ રહેવું છેને ઉપરથી હાથેથી ય નહીં પાંપળથી મુસ્કાવું છે. કમાલ છે. મજરુહ સાહેબ, કેટલી નાજુકાઈથી આંખમાં રહેલી અભિવ્યક્તિનાં વૈવિધ્યને સમજાવે છે. હાય રે તેરે નૈનવા, કુછ બાત કરેં, રૂક જાયે, હાય રે તેરે ચંચલ નૈનવા.

પ્રિયતમા ગાઈ રહી છે તે તો તેનું અંતરમન છે, પ્રિયતમ સામે હોય ને સંબોધતી હોય એવું નથી અને આ ભાવ જ ગીતમાં એક લચક પેદા કરે છે.'ઉલઝે હમ સે હર બાર દિલ, કુછ ઐશા હે બેકરાર દિલ, કુછ તુમ ભી તો સમજાઓ, હમ કયા-કયા સમજાયે' પ્રિયતમ ખૂલીને વ્યક્ત જ ન થતો હોયય તો પોતાનું જ દિલ વારંવાર ઉલઝી પડે કે આ શું સીધું કાંઇ કહેજ નહીં તો મારે શું સમજવું? વારંવાર એટલા માટે ઉલઝે છે, ઝગડી પડે છે કારણ કે અંદરથી તે એકદમ બેકરાર છે, બેચૈન છે. પ્રેમમાં તો એવી બેચેની હોય જ ને! હું તો તને સમજાઉં છું પણ કેટલું સમજાઉં કે જે ચૂપ જ રહેતો હોય? અમે તો બહુ સમજાવ્યું હવે બીજું શું શું સમજાવવું. જરા ક તમે પણ તો સમજાવો હાય રે તેરે ચંચલ નૈનવા આખા ગીતમાં પ્રિયતમા લડી રહી છે, પણ પોતાનાં એકાંતમાં લડી રહી છે. તેને દુઃખ પણ છે, 'હમ તો ચાહત મેં જલ ગયે, તુમ વાદા કરકે બદલ ગયે, હમ કૈસે જી તુમ જૈસે, અંજાને બન જાયે. હાય રે તેરે ચંચલ નૈનવા. અમે તો પ્રેમમાં સળગી મ?રા ને તમે તો વાયદો કરીને ફરી ગયા ને તમે તો એવું કરી અણજાણ બની ગયા તેવા અમારાથી તો કઇ રીતે થવાય? તમે તો અણજાણ થઇ શકો, તમારા જેવા અમારાથી ન થવાય. એવું સરસ ગીત લખાયું અને ગવાયું છે કે તમે જો મનનાં કાનથી સાંભળો તો ગાનાર નાયિકાના ચહેરાના બધા ભાવ વંચાશે. પ્રિયતમની ચંચળ આંખોનો ગુસ્સો તેની ગાયકીમાં ઊતર્યો છે. ચિત્રગુપ્તે બહુ જ માદક ગુસ્સાને વ્યક્ત કરતી ધૂન બનાવી છે અને સારું સ્વરાંકન મળે પછી લતાજીને કહેવાનું ન હોય. મનની ભાત ગીતમાં કેવી રીતે ઉપસાવવી તે તેઓ બરાબર જાણતા હતા.સાંભળજો.

---

**હીરો તરીકે ચાલી ન શક્યો પણ**

# કિરણકુમાર વિલન તરીકે ફાવી ગયો



કિરણકુમારે પણ ધારી નહીં હશે તેટલી લાંબી કારકિર્દી તેણે સિદ્ધ કરી છે. મશહુર ખલનાયક જીવનનો આ દિકરો હીરો તરીકે સ્થાન બનાવવા માંગતો હતો પણ તેની પાસે પોતાની શૈલી ન હતી તે ત્યારના સુપરસ્ટાર રાજેશખન્નાની નકલ કરતો હતો. બાળકલાકાર તરીકે આરંભ કર્યા પછી તે 'જંગલ મે મંગલ'માં હીરો તરીકે આવ્યો ત્યારે તેની હીરોઇન રીના રોય હતી. 'આજકી તાજા ખબરમાં તેની હીરોઇન રાધા સલુજા હતી. 'જલતે બદન'માં કુમકુમ તેની હીરોઇન હતી. રાજેશખન્ના કે જે 'કાકા' નામથી ઓળખાતા હતા. તેના નામવાળી 'રાજાકાકા'માં અને પછી યોગિતા બાલી સાથે 'રઈસ'માં પણ આવ્યો. પણ આટલી ફિલ્મો સુધીમાં તે સમજી ગયો કે હિન્દી ફિલ્મોમાં સફળ થવું મુશ્કેલ છે. તેણે હીરો સિવાયના પાત્રો ભજવવા માંડયા પણ છતાં જોઈતી સફળતા હાથમાં ન આવી. તેણે હીરો તરીકે તો કામ કરવું જ હતું તો ઉપાય શો?

**યાદોં કી બારાત**

અને તે ગુજરાતી ફિલ્મોમાં હીરો તરીકે આવવા માંડયો. 'ગરવીનાર ગુજરાતણ' 'જાગ્યા ત્યારથી સવાર' 'કંચન અને ગંગા' વગેરે ફિલ્મમોં તે ચાલી યે ગયો પણ હિન્દી ફિલ્મોમાં નાની ભૂમિકા કરો તો પણ મોટા ગણાઓ અને પ્રાદેશિક ફિલ્મમાં હીરો હો તો પણ નિષ્ફળ ગણાઓ. તેણે શાણપણ દાખવી હિન્દી ફિલ્મોમાં વિલન તરીકે જ આગળ વધવાનો નિર્ણય લીધો કારણ કે એ તેનો બાપીકો ધંધો હતો. તેને 'જખ્મી શેર' મળી. 'મૌત કે સૌદાગર' મળી. 'કર્મદાતા મળી અને રાકેશ રોશનની 'ખુદગર્ઝ' મળી. તેના માટે આ સહેલું તો નહોતું પણ ધીમે ધીમે તેની જગ્યા પાકી થવા લાગી. માધુરી દિક્ષીત અનિલ કપૂર અભિનિત 'તેજાબ'માં તે લોટિયા પઠાણ તરીકે આવ્યો અને ખૂબ સફળ રહ્યો. રાકેશ રોશને તેને 'કાલાબજાર'માં જગન ધામલીયાની ભૂમિકા આપી. અને જોતજોતામાં તેની ઓળખ પાકી થઈ. અમિતાભ બચ્ચન અભિનીત 'આજકા અર્જુનમાં પણ તે લખન તરીકે જોરાવર પૂરવાર થયો. તેણે 'ખુદાગહાલમાં પણ ભૂમિકા મળી.

કિરણકુમારનું શાણપણ તેને સફળતા તરફ લઈ ગયું. એવી... એવી સફળતા તરફ કે રેખા જેવી અભિનેત્રી એક વખત તેની સાથે લગ્નની નજીક પહોંચી ગઈ હતી. મોટી સ્ટાર સાથે રોમાન્સ ચગે તો આખી ઈન્ડસ્ટ્રી અને પ્રેક્ષકોની નજરમાં ખાસ સ્થાન બની જાય. રેખા ભલે તેને ન મળી પણ નામ તો મોટું થયું. આજે તે જે કાંઈ છે તે એ દિવસોનાં કારણે જ છે. કિરણકુમારમાં કામ કરતા રહેવાની જીદ હતી એટલે અનેક ટી.વી. સિરીયલોમાં પણ કામ કર્યું અને તેમાં છેલ્લી ટી.વી. સિરિયલ 2018ની 'પૃથ્વી વલ્લભ' છે ફિલ્મોમાં ટકવું હોય તો વ્યુહ બદલતા રહેવું પડે. તેની જિંદગીમાં અનેક ઉતારચડાવ છે પણ આખર તો ટકી ગયાનો અહેસાસ છે. અત્યારે તેની પાસે ' ધ ડાર્ક' 'મિશન ગ્રેહાઉસ' 'શેર' 'કેસરી' વીર-હમીરજી ગોહિલ' 'રંધીરા' જેવી ફિલ્મો ઉપરાંત ' શો સ્ટોપર ' 'અહેસાસ' જેવી ટી.વી. સિરીયલો પણ છે. ટી.વી. ફિલ્મો સહિત ગણો તો અભિનેતા તરીકે 500 પાત્રો ભજવી ચુકયો છો. આ સંખ્યામાં ભોજપુરી ફિલ્મો પણ છે.

**દિકરો શૌર્ય અને દિકરી સૃષ્ટિ મોટા થયા છે. તે ફિલ્મોમાં આવ્યા છે પણ હજુ જાણીતા નથી થયા. કિરણકુમારની પત્ની સુષ્મા વર્મા ગુજરાતી છે. ગુજરાતી ફિલ્મે કિરણને હીરો તરીકે સફળતા આપવા ઉપરાંત પત્ની પણ આપી એવું કહી શકો**

કિરણકુમારા અત્યારે 71 વર્ષનો થઇ ચુક્યો છે. પિતા જીવને જેટલી ફિલ્મોમાં કામ કર્યું તેનાથી વધારે ફિલ્મો તેના નામે ચડી ચુકી છે. કિરણકુમારની કારકિર્દીને જોતા કોઈને પણ થશે કે ફિલ્મજગતમાં ટકવું હોય તો ઘણા પરિવર્તન માટે તૈયાર રહેવું પડે. પત્ની સુષમાં સાથે તે સુખી લગ્નજીવન જીવી રહ્યો છો. દિકરો શૌર્ય અને દિકરી સૃષ્ટિ મોટા થયા છે. તે ફિલ્મોમાં આવ્યા છે પણ હજુ જાણીતા નથી થયા.

કિરણ કુમારની પત્ની સુષ્મા વર્મા ગુજરાતી છે. ગુજરાતી ફિલ્મે કિરણને હીરો તરીકે સફળતા આપવા ઉપરાંત પત્ની પણ આપી એવું કહી શકો.

---







# R.K. ની ફિલ્મો શું, તેનું સંગીત પણ કોપી ન કરી શકાય!

હિન્દી ફિલ્મોનાં જગતમાં આર કે ફિલ્મ્સનું બેનર દમદાર રહ્યું છે તે પહેલાં રાજકપૂરની ઓળખ માત્ર અભિનેતા તરીકેની હતી પણ રાજકપૂર માત્ર અભિનેતા નહોતા. અત્યંત કલ્પનાશીલ ફિલ્મ સર્જક હતા. તેમણે જે પણ ફિલ્મ બનાવી તેમાં રાજકપૂરની હાજરી છે તેઓ વ્યવસાયી ફિલ્મમેકર જરૂર હતા પણ તેમને કયારેય થ્રીલર, સસ્પેન્સ, હોરર, એક્શન કે ઈતિહાસના કથાનક વાળી ફિલ્મ બનાવવાની જરૂર નથી પડી. તેમને વિલનની કેબ્રે ડાન્સરની કે એક્શન ડાયરેક્ટરની જરૂર નથી પડી. સાસુ-વહુની લડાઈવાળી ફિલ્મ બનાવવાની નથી પડી. રાજકપૂરે જે વિષયને સ્પર્શ કર્યો તે તેમનો થઇ ગયો અને કોઇ તેમનું અનુકરણ નહીં કરી શક્યા. તેમની ફિલ્મોનાં સંગીતથી પણ કોઇ કોપી ન કરી શક્યા. સ્વયં શંકર જયકિશન પણ નહીં.

આર. કે ફિલ્મ્સની પહેલી ફિલ્મ 'આગ' હતી. અલબત લોકોએ 'બરસાત' થી જ આર.કે. ની ખરી ઓળખ મેળવી પણ 'આગ' માં ય રાજકપૂર તો રાજકપૂર જ હતા. હા સંગીત શંકર-જયકિશનનું નહી રામ ગાંગુલીનું હતું. ગીતો શૈલેન્દ્ર અને હસરત જયપુરીનાં નહોતા બેહજાદ લખનવી અને દિપક (દેખ ચાંદકી.. ઔર...) ના હતા. પણ ફિલ્મ તો રાજકપૂરની જ હી તે ઈન્દિર રાજ આનંદે લખી હતી જેમણે રાજકપૂર માટે પછીથી 'આહ' 'સંગમ' લખી અને 'અનાડી' પણ લખી રાજકપૂરની શરૂમાં ફિલ્મોમાં શશી કપૂર બાળકલાકાર તરીકે છે. અને 'આગ'માં પણ છે. નરગીસ છે. પ્રેમનાથ છે કમલકપૂર છે અને કામિની કૌશલ નિગરા સુલતાન છે. મુકેશ, લતા મંગેશકર અને મન્નાડે, રાજ કપૂરના કાયમી પાર્શ્વગાયક-ગાયિકા રહ્યાં છે. 'આગ'માં શમશાદ બેગમના ત્રણ એકલા અને બે યુગલ ગીતો છે. મુકેશના બે ગીતો છે ને એક ગીતમાં શમશાદ બેગમ સાથે મોહમ્મદ રફી છે. 'દેખ ચાંદકી ઔર' શૈલેષ અને મીના કપૂરે ગાયેલું. 'બરસાતથી બધુ જ બદલાયું. 'આગ'ની કહાણીમાં નાટક માટેનું ઝનૂન અને પ્રેમની આગ છે. કેવલ (બચપણમાં શશીકપૂર (મોટા થયા પછી રાજકપૂર) વકીલોનાં કુટુંબનો છે અને તેણે રંગભૂમિ પર જ કામ કરવું છે. તે 10 વર્ષનો થાય છે ત્યારે નિર્મલા ઉર્ફે નિમ્મીને મળે છે.

**સિનેમા ઇન્ડિયા**

બંનેને રંગભૂમિ ગમે છે. કેવલ તેને કહે રંગભૂમિ મારું સપનું છે ને મોટો થઈ પોતાનું થિયેટર શરૂ કરશે. બને છે એવું કે જે નિમ્મી સાથે રંગભૂમિના સપના જોય તે તેનું કુટુંબ સાથે બીજે ક્યાંક ચાલી જાય છે. ઘરના બધા ઈચ્છે છે કે કેવલ વકીલ બને અને વકીલાતમાં નામ કરે પણ કેવલે વકીલ નથી બનવું. તે તો તેના બચપણનાં સપનાને પૂરું કરવા માંગે છે. આ કારણે જ તે પરીક્ષામાં નાપાસ થતાં પિતા સાથે ઝગડો કરી ઘર છોડી જાય છે. થોડા રઝળપાટ પછી તે રાજન (પ્રેમનાથ) ને મળે છે જે એક બંધ થિયેટર કંપનીનો માલિક છે રાજન અને કેવલ મળી બંધ કંપની ચાલુ કરે છે. રાજન નાટક લખે છે ને રાજન તેમાં પૈસા લગાડે છે. નાટકની તૈયારી દરમ્યાન તેને બેઘર યુવતી (નરગીસ) મળે છે. કેવલ તેને નાટકની મુખ્ય ભૂમિકામાં લઈ લે છે ને તેના પાત્રનું નામ નિમ્મી રાખે છે. રાજન એ યુવનીના પ્રેમમાં પડે છે અને એ યુવતી (નિમ્મી) કેવલને પ્રેમ કરે છે. પણ કેવલ જાણતો નથી કે નિમ્મી તેને પ્રેમ કરે છે. પરંતુ રાજનને ખબર પડી જાય છે એ ત્યારે તે નિમ્મીના બધા ચિત્રો સળગાવી નાંખે છે. કેવલને આ બધું ખબર પડે છે. તો તે નિમ્મીને રાજન રાથે રહેવાનું કહે છે. રાજન સાથેની દોસ્તી તૂટે નહીં એ માટે કેવલ પોતાનાં જ ચહેરાને આગથી દઝાંડે છે. નિમ્મી કહે છે કેવલની સુંદરતાને તેણે પ્રેમ કર્યો હતો. અત્યાર સુધીની આ કહાણી ફ્લેશબેકમાં દર્શાવવામાં આવી છે ને સ્ટોરી જ્યારે વર્તમાનમાં આવે છે તો કેવલ કહે છે કે તેને તેના બચપણની મિત્ર નિમ્મી જ અપનાવી શકે છે અને ત્યારે તે તેની દુલ્હન સુધા પાસે બેઠો છે. સુધી કહે છે કે હું જ એ નિમ્મી છું બંને મળી જાય ને સાથે મળી થિયેટર શરૂ કરે છે. 'આગ' ફિલ્મમાં પ્રેમની જ વાત છે. જેને તમે એકવાર ચાહો તેને જ ફરીફરીને ચાહો છો. સ્ટોરી એ પણ છે કે ચહેરાની સુંદરતા મુખ્ય નથી હૃદયની સુંદરતા જ અગત્યની છે. રાજકપૂરે પહેલી ફિલ્મમાં 'સત્યમ-શિવમ-સુંદરમ'ની વાર્તા જોઇ લીધી હતી. ફિલ્મમાં 'જિંદા હું ઈસ તરાહ કે ગમે 'જિંદગી નહીં' 'દેખ ચાંદ કી ઔર....' 'કાહે કોયલ શૌર મચાયે રે' 'દિલ તૂટ ગયા જી' 'સોલહ બરસકી બાલી'... ના આંખોમાં આંસુ' અને 'રાત કો જી ચમક' સહિત સાત ગીતો છે. કેટલાક લોકપ્રિય પણ થયા હતા. નિર્માતા -દિગ્દર્શન રાજકપૂરની ફિલ્મોમાં આત્મકથનનાં તત્ત્વો હોય છે. આ ફિલ્મમાં પણ છે. પૃથ્વી થિયેટરના નાટકોમાં કામ કરતી વખતે તેઓ સહઅભિનેત્રી હેમાવતીના પ્રેમમાં પડેલા. અહો તે પ્રેમવતી નિર્મલા (કામિની કૌશલ) રૂપે છે. પછી નિમ્મી નરગીસ આવે છે. આ ફિલ્મ બનાવતી વખતે રાજકપૂર 23 વર્ષના યુવાન હતા. 6 ઓગસ્ટ 1948માં 'આગ' રજૂ થયેલી. અને તેના એક જ વર્ષ પછી 'બરસાત' આવી. એ ફિલ્મ એવી સફળ રહી કે ત્યાર પછી રાજકપૂર યુગ શરૂ થયો.



---

# રાજકપૂરે પોતાના દિગ્દર્શનમાં રણધીર કપૂરને ક્યારેય હીરો નથી બનાવ્યા



રાજકપૂરની ફિલ્મોમાં, રાજકપૂરના દિગ્દર્શનમાં કામ કરવા અનેક અભિનેતા - અભિનેત્રી આતુર હતાં પણ દેવઆનંદ-વિજયઆનંદ હોય તો બીજા હીરોને તક ન જ મળે. રાજકપૂરે નિર્માતા તરીકે અમુક ફિલ્મો બનાવી તેમાં બીજા અભિનેતા, અભિનેત્રીને કામ કરવાની તક મળી. મેરા નામ જોકર પછી રાજકપૂર આર. કે. ફિલ્મ્સના નિર્માતા-દિગ્દર્શક રહ્યા ત્યારે પણ તેમનો મુખ્ય હીરો રિશી કપૂર જ રહ્યો. આ કારણે જ 'મેરા નામ જોકર'માં મનોજકુમાર, ધર્મેન્દ્ર, દારાસીંઘ વગેરેને તક મળી ત્યારે તેઓ ખૂબ ખુશ થયેલા. બાકી શશીકપૂર બાળકલાકાર હતા ત્યારની વાત જૂદી પરંતુ હીરો તરીકે તો માત્ર સત્યમ્ શિવમ્ સુંદરમમાં જ તક મળી. શમ્મી કપૂરે પણ મોટા ભાગના દિગ્દર્શનમાં કામ કરવું હતું પણ માત્ર 'પ્રેમ રોગ'માં જ તક મળી. રાજકપૂર બહુ ઓછા હીરોને ચાન્સ આપી શકે તેમ હતા કારણ કે આર. કે.ની ફિલ્મમાં રાજકપૂર જ હોય અને પછી હોય તો રિશીકપૂર હોય. રાજકપૂર પોતાનાં સંતાનોને પણ સમજી વિચારીને જ આપતા અને એટલે જોઈ શકો કે પોતાના દિગ્દર્શન હેઠળની એક પણ ફિલ્મમાં રણધીર કપૂર નથી ને રાજીવ કપૂર છે તો માત્ર એક જ ફિલ્મ-રામ તેરી ગંગા મૈલીમાં આર. કે. ફિલ્મમાં રણધીર કપૂરે કામ જરૂર કર્યું છે. પણ તેના દિગ્દર્શક રાજકપૂર નથી. કલ આજ ઔર કલ અને ધરમકરમ તેનાં ઉદાહરણ છે.

**રિશ્તે નાતે**

રાજકપૂરની ફિલ્મમાં રાજેશ ખન્ના સત્યમ શિવમ સુંદરમ માટે વિચારાયેલા પણ છેવટે શશીકપૂરના ભાગે જ એ ફિલ્મ આવેલી. સંજીવકુમારે 'બીવીઓ બીબી'માં કામ કર્યું પણ તેના દિગ્દર્શક રાજકપૂરના આસિસ્ટન્ટ રહેલા રાહુલ રવૈલનું હતું. આ ફિલ્મ બનાવતી વેળા રાજકપૂરે સંજીવકુમાર પાસે કેટલાં લાખ રૂપિયા ઉછીના લીધેલા. પણ એ વાત તો અંગત વ્યવહારની થઈ. સંજીવકુમાર આર. કે. ફિલ્મ્સની ફિલ્મમાં કામ કરી ગયા એ જ મોટી વાત છે. રાજકપૂર માટે કપૂર કુટુંબની બહાર જવાનું શકય જ ન હતું. કારણ કે જે આર. કે. ફિલ્મ્સ નામની બ્રાન્ડ બનેલી તેમાં કપૂર જ કેન્દ્રમાં હતા.

**રાજકપૂરની ફિલ્મમાં રાજેશ ખન્ના સત્યમ શિવમ સુંદરમ માટે વિચારાયેલા પણ છેવટે શશીકપૂરના ભાગે જ એ ફિલ્મ આવેલી. સંજીવકુમારે 'બીવીઓ બીબી'માં કામ કર્યું પણ તેના દિગ્દર્શક રાજકપૂરના આસિસ્ટન્ટ રહેલા રાહુલ રવૈલનું હતું**